

જગતજનની મા અંબાની આરાધનાના પર્વ નવરાત્રીનો દબદબાભેર પ્રારંભ થઈ ગયો છે. નગરના સૌથી જુના પાર્ટી પ્લૉટ ગાંધીનગર કલ્ચરલ ફોરમ ખાતે ખેલૈયાઓ પહેલા જ દિવસથી ઉત્સાહપૂર્વક ગરબા ખેલવા લાગી ગયા હતા. માતાજીની પ્રતિમાનાં દર્શન કરી ગરબા ખેલતા ખેલૈયાઓએ યુવાન વય, સુંદર વાતાવરણ, ગમતીલો સંગાથ અને ગીત-સંગીતની સુરીલી સરગમના સથવારે આવા સુંદર પોઝ આપ્યા હતા. **(તસવીર : દિપક જાની)**

### ગાંધીનગર કલ્ચરલ ફોરમ

# પહેલા નોરતે નીરવ ગઢવી અને જિગીષા જયસ્વાલ શ્રેષ્ઠ ખેલૈયા

**ઉત્સાહભર્યા વાતાવરણમાં ગરબાનો પ્રારંભ : આયોજન મુજબ નવ વાગ્યે ગરબા આરંભી બાર વાગ્યે સમેટી લેવામાં આવ્યા**

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ઉત્સાહી વાતાવરણમાં પરંપરાગત રીતે નવરાત્રીનો આરંભ કરવામાં આવ્યો હતો અને નિયત આયોજન મુજબ રાત્રે ૯ કલાકે ગરબાનો આરંભ કરીને ૧૨ વાગે આ કાર્યક્રમ આટોપી લેવામાં આવ્યો હતો. પહેલા નોરતે શ્રેષ્ઠ ખેલૈયા તરીકે નીરવ ગઢવી અને જિગીષા ધાંધલનાં નામો જાહેર કરવામાં આવ્યાં હતાં.

ગઈકાલે પ્રથમ નોરતે સાંજે જય અંબે પરિવાર દ્વારા તૈયાર કરવામાં આવેલો મા અંબાનો રથ વાજતેગાજતે કલ્ચરલ ફોરમના ગરબા ગ્રાઉન્ડમાં લાવવામાં આવ્યો હતો. અહીં રથ સ્થાપિત કરીને આરતી કરવામાં આવી હતી અને પ્રસાદની વહેંચણી કરવામાં આવી હતી. જય અંબે પરિવારના સભ્ય પરિવારો તથા કલ્ચરલ ફોરમના હોદ્દેદારો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

એ પછી રાત્રે ૮.૩૦ કલાકે સમદર્શન આશ્રમનાં ગુરુમા પૂજ્ય સમાનંદ સરસ્વતીજીના હસ્તે માતાજીની આરતી થયા બાદ ગરબાનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ વખતે ગરબા વહેલા શરૂ કરવાની કલ્ચરલ ફોરમની પહેલને ગરબા રસિકોએ અત્યંત પ્રોત્સાહક પ્રતિસાદ આપ્યો હતો અને રાત્રે ૯ કલાકે તો ખેલૈયાઓ તૈયાર થઈને ગ્રાઉન્ડમાં આવી પહોંચ્યા હતા. અગાઉનાં વર્ષોમાં જે માહોલ રાત્રે ૧૧ વાગ્યે જોવા મળતો હતો એ માહોલ આ વખતે પહેલા નોરતે રાત્રે ૯ વાગ્યે જ જોવા મળી ગયો હતો. ખેલૈયાઓના આવા પ્રોત્સાહક પ્રતિસાદને કારણે જ ગરબા સમયસર શરૂ થઈ શક્યા હતા અને નિયત સમય મુજબ રાત્રે ૧૨ કલાકે આટોપી પણ લેવામાં આવ્યા હતા. સુરીલી સરગમના તાલે ખેલૈયાઓ મન મુકીને ઝૂમ્યા હતા. ઉલ્લેખનીય છે કે ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા ગરબા ગ્રાઉન્ડમાં ગામઠી પરિવેશ ઊભો કરવામાં આવ્યો છે, જેની ખેલૈયાઓ અને દર્શકો દ્વારા ખૂબ સરાહના કરવામાં આવી હતી. અને ગરબા ગ્રાઉન્ડમાં પ્રવેશ માટે ઊભી કરવામાં આવેલી નવી વ્યવસ્થા પ્રત્યે પણ સૌએ સંતોષની લાગણી વ્યક્ત કરી હતી.

પ્રથમ નોરતે નિર્ણાયક તરીકે નીરાલીબેન આચાર્ય, સી એમ પટેલ અને મુક્તિબેન વૈષ્ણવ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રથમ નોરતાનું પરિણામ

| કૅટેગરી | વિનર | રનર્સ-અપ |
|---|---|---|
| ચાઈલ્ડ બૉય | મીત ઠક્કર | કેવિન પટેલ |
| ચાઈલ્ડ ગર્લ | આયુષી શર્મા | પરિષા દવે |
| કીડ બૉય | નીલ શાહ | જય ગાંધર્વ |
| કીડ ગર્લ | જહાન્વી શાહ | સાક્ષી સોની |
| ટીનેજર બૉય | વિદિત સંઘવી | નૈનીલ પટેલ |
| ટીનેજર ગર્લ | નૈસર્ગી જોષી | ઝીલ જોષી |
| ડ્રેસ પ્રિન્સ | પિયુષ રાવલ | હર્ષ ઘોઘારી |
| ડ્રેસ પ્રિન્સેસ | રિદ્ધિ ડાભી | તરજુ શાહ |
| પૅર | નીરજ કાથરાણી | પ્રકાશ પરમાર |
| | આર્યા શાહ | મિત્તલ નાયી |
| પરફોર્મન્સ પ્રિન્સ | નીરવ ગઢવી | નિકુંજ સગર |
| પરફોર્મન્સ પ્રિન્સેસ | જિગીષા જયસ્વાલ | કિન્નરી ધાંધલ |

# ગાંધીનગરનાં સૅક્ટર્સમાં ઉજવાતી નવરાત્રી શેરી ગરબાનું સંભારણું બની રહી છે

**નિયમિત આરતી, પ્રસાદ, આઠમનો હવલ, નોમનો નૈવેધ તેમજ ગરબા વચ્ચે અલ્પાહારનું આયોજન જેવા પ્રસંગો ઉજવાય છે**



તસવીર : દિપક જાની

ગાંધીનગર, તા. ૧૭

અત્યાધુનિક ટેકનોલોજીના પ્રભાવે ગામડાંમાં થતા શેરી ગરબા વિલુપ્ત થઈ રહ્યા છે ત્યારે ગાંધીનગરના સૅક્ટર્સમાં ઉજવાતી નવરાત્રી શેરી ગરબાની યાદ સાચવીને બેસી રહી છે.

સૅક્ટરમાં સૌ સાથે મળી નવરાત્રી કમિટી બનાવી નવ દિવસના સુંદર આયોજનની રૂપરેખા ઘડે છે અને નવ દિવસ દરમ્યાન માતાજીની શક્તિ, ભક્ત અિને આરાધના સાથેના પ્રસંગો ઉજવી નવરાત્રીની ઉજવણી પરંપરાગત રીતે કરે છે.

ગુજરાતની સંસ્કૃતિ અને પરંપરા હજુ પણ શેરી ગરબામાં જોવા મળે છે. ટેકનોલોજીના જમાનામાં નવરાત્રીમાં પણ અર્વાચીન સ્ટેપ, પાર્ટી પ્લોટ અને ડીજેની ધુમ સાથે ગરબા થઈ રહ્યા છે ત્યારે ગાંધીનગરના સેક્ટર્સમાં શેરી ગરબા જેવું આયોજન કરી સંસ્કૃતિ અને પરંપરા જાળવી રાખે છે.

સૅક્ટરના કૉમન પ્લૉટમાં વચ્ચે માતાજીની છબી કે મૂર્તિવાળી ગરબી મુકી રહીશો તેની ફરતે ગરબે ઘુમે છે. જેમાં કોઈક જગ્યાએ ટેપ-ડીવીડીનો ઉપયોગ પણ થાય છે તો વળી કોઈક જગ્યાએ ઢોલ સાથે લાઈવ ગરબાગવાય છે. તો માતાજીની માનતા પુરી કરવા કેટલીક મહિલાઓ માથે ગરબો મુકીને ગરબે ઘુમે છે.

ત્યારે પરંપરા અનુસાર સૌપ્રથમ માતાજીની આરતી, સ્તુતિ અને પ્રસાદનું આયોજન થાય છે. ત્યારબાદ ધીમા ગરબા પછી ઝડપી ગરબા, ત્રણ તાલી અને અંતે દાંડિયા રાસનું આયોજન કરવામાં આવતું હોય છે. જેમાં વચ્ચે અલ્પાહાર દ્વારા ખેલૈયાઓની શક્તિનો સંચાર કરવામાં આવે છે.

આમ, સૅક્ટરના રહીશો આર્થિક આયોજન સહિયારું ઉપાડી લઈ શેરી ગરબાનું અસ્તિત્વ અકબંધ રાખે છે. જેમાં આઠમના રોજ માતાજીનો હવન કરાય છે અને નોમના દિવસે નૈવેધ કરી માતાજીનો પ્રસાદ સૌ સાથે મળી આરોગી નવરાત્રીના સુંદર આયોજનથી તૃપ્ત થાય છે.

# સેક્ટર-૪માં ઓમકારેશ્વ મહાદેવ મંદિર ખાતે પરંપરાગત ગરબાનો માહોલ

ગાંધીનગર, તા. ૧૭

ગાંધીનગરના સેક્ટર-૪માં સ્થિત ઓમકારેશ્વર મંદિરના ગ્રાઉન્ડમાં છેલ્લા અગ્યાર વર્ષથી નવરાત્રીનું આયોજન સફળતાપૂર્વક થાય છે અને પાર્ટી પ્લોટના જમાનામાં પણ આ નવરાત્રી મહોત્સવનો દબદબો યથાવત રહેવા પામ્યો છે.

અહીં સ્થાનિક રહેવાસીઓ અને આસપાસના સૅક્ટર્સના ગરબા રસિકો પણ મોટી સંખ્યામાં ઉમટી પડે છે અને અહીંનું વિશાળ ગ્રાઉન્ડ તેમને ગરબા રમવાની જોઈતી મોકળાશ પુરી પાડે છે.

આ વખતે પણ પહેલા જ નોરતાથી સેક્ટર-૪માં ગરબા રસિકોની ભીડ જોવા મળી રહી છે, જે આગામી દિવસોમાં વધવાની શક્યતાઓ જોવામાં આવી રહી છે.

આ વખતે અહીં ગામઠી પરિવેશ ઊભો કરવામાં આવ્યો છે, જેથી અહીં ગરબે રમવા આવતા રસિયાઓને પરંપરાગત ગરબાનો અનુભવ મળી શકે. યોગ્ય સુરક્ષા વ્યવસ્થા અને સારી સાઉન્ડ સિસ્ટમને કારણે ખેલૈયાઓને ગરબા રમવાની પણ મઝા પડી રહી છે. વાહન પાર્કીંગ માટે પૂરતી જગ્યા પણ અહીં આવનારા ખેલૈયાઓ ઉપરાંત દર્શનાર્થીઓ માટે રાહત પુરી પાડે છે. અહીં એટલી મોટી સંખ્યામાં ગરબા રસિકો અને દર્શનાર્થીઓ આવે છે કે પાર્ટી પ્લોટની જેમ અહીં ખાણીપીણીની લારીઓ અને ગલ્લાઓ લાગી જાય છે. અલબત્ત, અવ્યવસ્થા ન સર્જાય તે માટે સ્થાનિક આયોજકો દ્વારા તેમને નિયત સ્થળે જ ઊભા રહેવા દેવામાં આવે છે. સમગ્ર નવરાત્રીના આયોજનમાં સ્થાનિક નવરાત્રી મહોત્સવ સમિતિ ઉપરાંત સ્થાનીક રહેવાસીઓનો પણ ખૂબ મોટો ફાળો રહેલો છે.

નવરાત્રી નિમિત્તે મંદિરને એવી ભવ્ય રીતે સજાવવામાં આવ્યું છે કે રાત્રે અહીંથી પસાર થનાર ગરબા રસિક ન હોય તો પણ સજાવટ જોવા માટે તો એકવાર થોડીવાર માટે અહીં રોકાઈ જ જાય છે.

# જો જો ગરબાની ગરીમા લજવાય નહીં...



નવરાત્રીનો ઉત્સવ એ આદ્યશક્તિ જગદંબાની આરાધનાનું પર્વ છે. શક્તિની ઉપાસનાનો અવસર છે. સામાન્ય રીતે બધા તહેવારોની ઉજવણી દિવસ દરમ્યાન થાય છે. જ્યારે નવરાત્રીની શરૂઆત જ સૂર્યાસ્ત પછી થાય છે. જેમ જેમ રાત જામતી જાય છે તેમ તેમ આ ઉત્સવ સોળે કલાએ ખીલી ઉઠે છે. સંગીતનો તાલ અને રોશનીનો ઝગમગાટ આ ઉત્સવને ચાર ચાંદ લગાવી દે છે. એમાં ભળે છે ધબકતી યુવાનીનો રંગીન મિજાજ, બસ પછી તો બાકી શું રહે? સંગીતનો તાલ યુવાનીને મદહોશ બનાવી દે છે. ડંકાની ચોટ પર યુવાની ઝુમે છે અને જાણે કે ભક્તિના નશામાં મદહોશ બની એક નવી જ દુનિયામાં મસ્ત બની મહાલે છે. આ ઉત્સવમાં માની આરાધના ગૌણ બની જાય છે. અને યૌવનનું ઘોડાપુર બેકાબુ બની કયારેક મર્યાદા અને સંસ્કારિતાના ચિંથરા ઉડાડે છે. શરીર ઉપર ચીતરાતા ટેટુ મદહોશીનો માહોલ સર્જે છે અને એમાંથી મર્યાદા ભંગ ખૂબ સરળતાથી થઈ જાય છે. વડીલોની નીંદ હરામ થાય છે. પણ તેઓ લાચાર બની આ પ્રસંગોના મુક પ્રેક્ષક બની રહે છે. નવરાત્રીની ઝાકમઝોળ વધી છે, રોશનીનો ઝગમગાટ વધ્યો છે. પણ કોડીયામાં તેલ ખુટવા માંડ્યું છે. ગરબો મૂળે તો સ્ત્રીઓનો શોખ હતો. ગામડા ગામમાં માટીનો કોરેલો ગરબો લાવી તેમાં કોડીયું મુકી દીવો પ્રગટાવવામાં આવે ત્યારે કાણામાંથી નીકળતા પ્રત્યેક કિરણો મનને મોહી લેતાં હોય છે. જાણે કે ધરતી પર એક નાનકડું તારા મંડળ રચાય છે. લાઈટના ઝાંખા પ્રકાશમાં એ કોડીયામાં પ્રગટેલું તેજ અને

**પ્રસંગસર**

**- પોપટલાલ એસ પ્રજાપતિ**

ઘડુલિયાના કાણામાંથી નીકળતા તેજ કિરણો જાણે માના આર્શિવાદનો સંદેશ લઈને આવે છે આજે તો રોશનીના ઝાકમઝોળમાં રંગબે રંગી રોશનીમાં ઘડુલિયાને શોધવો મુશ્કેલ થઈ પડે છે. દીવાની જ્યોત ડિસ્કો લાઈટમાં સાવ ઝાંખી પડવા લાગી છે. સ્વાભાવિક છે જ્યાં સતનો પ્રભાવ ઓસરે ત્યાં આસુરી તત્વો રાસડા જ લેતા હોય એમાં કંઈ નવાઈ નથી. જગદંબાની આરાધનામાં તન અને મનની પવિત્રતા આવશ્યક છે અહીં યુવાનો હવે છાંટો પાણી કરીને ગરબે ઘુમતા થયા છે. નવરાત્રીના એક આયોજકે હૈયાવરાળ કાઢતાં કહેલું કે નવરાત્રીના ઉત્સવોમાં રાત પડે છે અને અમારા હૃદયના ધબકારા વધવા માંડે છે. કારણ કે શરાબનો નશો કરીને આવેલા યુવકોનો બાપ મોટા ગજાનો હોય છે તેથી કાર્યકરો નથી આવી બદતમીઝી સહન કરી શકતા કે નથી ફરીયાદ કરી શકતા. આજ કારણોસર ગાંધીનગરના બે મોટા શેરી ગરબામાં આયોજકોને બ્રેક મારવી પડી છે. નવરાત્રીનો

અમીરી કે ગરીબીનો કોઈ પ્રભાવ હોતો નથી. હા ક્યાંક માની આરતી એક લાખમાં ઉતરાય છે. તો ક્યાંક ૧૦૧માં પણ બંને આરતીમાં દિવેટ તો રૂની જ બનાવાય છે. ક્યાંક ચાંદીની દિવેટ કે સોનાની દિવેટ હોતી નથી. આ ભેદને સૌ સમજે તો આછકલાઈનું મિથ્યાભિમાન આપોઆપ ઓગળી જાય... નવરાત્રીના ઉત્સવમાં ભક્તિભાવ વધ્યો છે કે દેખાડો વધ્યો છે એ તો મા જગદંબા જાણે પણ નવરાત્રીનો ઉત્સવ એક બીજા કમનસીબ સમાચારો લઈને આવે છે પાર્ટી પ્લોટ કે શેરી ગરબામાં જ્યાં મોટી માનવ મેદની ભેગી થાય છે. ત્યાં યુવાનો મન મુકીને નાચે છે. યુવતિઓ પણ ન કરી શકે તેવાં અંગમરોડ યુવાનો કરી શકે છે. દાંડીયા રાસ રમે છે. ભાંગડા લે છે, પણ યુવાનીની બાજુમાં ગરબે ગુમતા અન્ય લોકોને હવે યુવાનીના મોઢામાંથી શરાબની દુર્ગંધ આવવા લાગી છે. તહેવાર એ પવિત્ર તહેવાર છે તેમાં ગંધાતા મોએ લેવાતા રાસડા પર કડક નિયંત્રણો લાવવા જરૂરી છે. આવા જ કારણોસર પાર્ટી પ્લોટમાં પણ કયારેક ગરબડો થયેલી છે. યુવાની ગંધાતા મોંએ રાસડા લે ત્યારે નશામાં ચકચુર બનેલા તેમના હાથ અને પગ ક્યાંક આડા અવળા થઈ જાય તે સ્વાભાવિક છે. ગરબાની ગરીમાને ઝાંખપ લાગે તે પહેલાં ગરબાના આયોજકોએ કેટલાક કડક નિર્ણયો લેવા જરૂરી છે. કોઈ એક શહેરની વાત ગુજરાતના અન્ય શહેરો કે ગામડાની પણ હોઈ શકે કારણ કે યુવાનીમાં જ્યારે કોઈ એક ફેશન કે વિકૃતિનો પવન શરૂ થાય છે ત્યારે એ પવન ધીમે ધીમે વાવાઝોડું બની જાય છે. જો કે હજુ કેટલીક મર્યાદા તો છે કે ગરબે ઘુમતી વખતે કોઈ પણ યુવાન કે યુવતિ જાહેરમાં અડપલા કરવાથી દુર રહે છે. ગરબે ઘુમતી વખતે પતિ-પત્ની પણ સમાન અંતર રાખે છે. આટલી જાહેર મર્યાદા એટલું તો સાબિત કરે છે હજુ પરીસ્થિતિ કાબુમાં છે પરંતુ ગરબાના ચોકની બહાર ભજવાતા દશ્યોનો ઓછાયો પણ નવરાત્રીના પરિસરમાં ન પડે તે માટે સાવધાની રાખવાની અત્યંત જરૂરી છે. નવરાત્રીમાં નશો કરીને આપેલા યુવાનોને ટોકવામાં આવે તો નવરાત્રી પછી ધિંગાણા ખેલાતા હોય છે કારણ કે આ બધા મોટા ઘરના નઠારા ફરજંદો હોય છે જે પરીવારના કાબુમાં ન રહે તે સમાજને પણ ન ગાંઠે તેવું બની શકે. ચિંતાનો વિષય એ છે કે યુવાનોની શરાબી લત ગમે ત્યારે તેમની પાસે ગરબાના મેદાનમાં પણ અનીચ્છનીય વર્તન કરાવી શકે. અને એ વખતે નવરાત્રીનો ગરબો લજવાશે એના કોડીયાનું તેજ ઝાંખુ પડશે. શ્રદ્ધાળુઓની શ્રદ્ધાને ઠેસ લાગશે. ઘાસની ગંજીમાં એક તણખો પડે તો આગના ભડકા થાય ત્યાં સુધી રાહ ન જોવાય પણ સત્વરે પાણી છાંટી એ તણખાને આગ બનતો અટકાવી દેવો જોઈએ.. એમાં જ એમનું શાણપણ છે... બાકી તો આ દેશ ચમત્કારી છે... બધુય ચાલી જશે..



તસવીર : દિપક જાની

## નવરાત્રી ચારે કોર

**ત્રીજા નોરતે ગીત-સંગીતની સંગત :**

- ઉનાવા : ચાચર ચોકમાં શ્રી મહાકાલી માતાના મંદિરે દેવજી ઠાકોર, રીના જોષી - હિટ્સ મ્યુઝીગલ ગ્રુપ, પાલનપુર.
- સરઢવ : વારાહી ચોક ખાતે અનુપમ વ્યાસ - સરગમ ઓરકેસ્ટ્રા.
- સરઢવ : માંડવી ચોક, ઉગમણી ભાગોળ ખાતે ટીના રબારી - જય મેલડી ગ્રુપ, અમદાવાદ.
- સરગાસણ : વેરાઈ માતાના મંદિર ખાતે પંકજ પટેલ - વિશ્વ મ્યુઝીકલ પાર્ટી, પેથાપુર
- સૅક્ટર-૨૨ : ગબ્બર ચૉક ખાતે પ્રકાશ રાઠોર, હરેશ રાવત - જુગલબંદી કલાવૃંદ.
- સૅક્ટર-૪ : નવરાત્રી ચૉકમાં જલસા ગ્રુપ.
- સૅક્ટર-૮ : નવરાત્રી ચૉકમાં નટુભાઈ ઝાલા એન્ડ પાર્ટી.
- કલ્ચરલ ફોરમ ગરબા ગ્રાઉન્ડ ખાતે દિપેશ દેસાઈ એન્ડ ગ્રુપ.
- લાયન્સ કલબ ગરબા ગ્રાઉન્ડ ખાતે ડીમ્પલ પંચોલી એન્ડ ગ્રુપ.
- થનગનાટ નવરાત્રી મહોત્સવમાં જયકર ભોજક એન્ડ ગ્રુપ.
- સૅક્ટર-૨૮ : જય અંબે ચૉકમાં પૃથ્વીરાજસિંહ વાઘેલા એન્ડ ગ્રુપ.
- સૅક્ટર-૬ એ : લોકનાદ ગ્રુપના કલાકારો.
- સૅક્ટર-૭ સી : શિવશક્તિ મંદિર ચૉક ખાતે ભાણાભાઈ મ્યુઝીકલ ગ્રુપ.
- સૅક્ટર-૩ બી : નવરાત્રી ચૉક ખાતે આશાપુરા કલાવૃંદ, ચિસકારી.
- સૅક્ટર-૩ એ ન્યૂ : નવરાત્રી ચૉક ખાતે રાકેશ સોમેશ્વરા ગ્રુપ.
- સૅક્ટર-૩ સી : શક્તિ ચૉક ખાતે જય અંબે કલાવૃંદ.
- સૅક્ટર-૧૭ : શોપીંગ સેન્ટર ખાતે કીર્તિ ઠાકોર - નાગેશ્વરી કલાવૃંદ.

## અંબા રમવા આવ્યા

રૂમઝૂમ રૂમઝૂમ રૂમઝૂમ કરતાં અંબા રમવા આવ્યા રે,
આસો માસે ચાંદ ઉજાશે અંબા રમવા આવ્યા રે !
માથે કસુંબલ ઓઢણી ઓઢી, અંબા રમવા આવ્યા રે,
ભાલે રાતી ટીલડી ચોડી, અંબા રમવા આવ્યા રે !
ઓઢણીમાં છે નવલખ તારા, અંબા રમવા આવ્યા રે,
ટીલડીમાં છે ચંદર પ્યારા, અંબા રમવા આવ્યા રે !
ધરતીના ધનભાગ્ય થયા કે અંબા રમવા આવ્યા રે,
કંકુ ઝરતા પાય પડ્યા છે, અંબા રમવા આવ્યા રે !
ધરતી તો ધમકાર કરે છે, અંબા રમવા આવ્યા રે,
છાતીમાં ઝમકાર ભરે છે, અંબા રમવા આવ્યા રે !

**- રણછોડ વી પરમાર**

**યુથ કેમ્પસ** **- ધ્વનિલ પારેખ**

# યુવાનો અને નવરાત્રીનું પર્વ



તસવીર : દિપક જાની

હે યુવાન ! આજે ફરી તારી સાથે નવરાત્રિનાં પર્વ નિમિત્તે સંવાદ કરવો છે. ગઈકાલથી શરૂ થયેલો આ પર્વની બીજી સવારે પણ હું જોઈ શકું છું કે તારા પર ઊંઘમાં પણ થનગની રહ્યાં છે, અને તારૂં મનડું હજી ગરબા ગ્રાઉન્ડ પર હિલોળા લઈ રહ્યું છે. આ પર્વને લઈને તારામાં એક અદમ્ય ઉત્સાહ જોવા મળે છે પણ એ ઉત્સાહ નવરાત્રિ પૂરતો જ સીમિત કેમ રહે છે ? હું એ પણ જાણું છું કે આ તહેવારનું તારે માટે એક અલગ મહત્ત્વ રહ્યું છે. રખે, તું એમ માની લેતો કે હું તને માતાજીનો પરમભક્ત ગણું છું અને માતાજીની ભક્તિને કારણે તારામાં અદમ્ય ઉત્સાહ જોવા મળે છે ! તું અને હું આપણે બંને જાણીએ છીએ કે આ ઉત્સાહ પાછળનું કારણ તો કંઈક જુદું જ છે. આ ઉત્સાહ પાછળનાં કારણથી જ આજે તારી સાથે થોડી ચર્ચા કરવી છે. તોનું તૈયાર છે ને ચર્ચા માટે?

દોસ્ત ! પહેલાં તો તું મને એ સમજાવે કે નવરાત્રિના તહેવારને લઈને તું આપલો બધો ઉત્સાહિત કેમ હોય છે? કોઈ અન્ય નહીં, અને આ તહેવારની જ તું આખા વર્ષ દરમિયાન આતુરતાપૂર્વક શા માટે પ્રતિક્ષા કરે છે ? આ પ્રશ્નનો જવાબ આપવા માટે તું ખચકાટ અનુભવે છે. એ તારા ચહેરા પરથી હું જોઈ શકું છું અને તારા એ જ ચહેરાઓની રેખામાં હો થોડો ઘણો જવાબ પણ વાંચી શકું છું, તો મિત્ર આ તારા અને મારા જેવા યુવાન હૈયાઓનો જ તહેવાર છે એવું છેલ્લા કેટલાંયે વર્ષની નવરાત્રિ પરથી પ્રતિત થાય છે અને હવે એ દૃઢપણે થતું જાય છે, એમાં ખોટું પણ શઉં છે ? ના, જરા પણ ખોટું એમાં નથી. ઉત્સવોની આણો આતુરતાપર્વક રાહ જોઈએ એ તો આપણી સંસ્કૃતિનું લક્ષણ છે. પણ તું સાચું કહે, જે રીતે આપણે તહેવાર ઉજવીએ છીએ એમાં ખરેખર સંસ્કૃત સચવાય છે ખરી?

હું દૃઢપણે માનું છું કે નવરાત્રિ તો તહેવાર બિલકુલ પરંપરાગત અને ભાતીગળ વેશભૂષા સાથે ઉજવવાનો તહેવાર છે પણ હવે એ ઘોંઘાટનો પર્યાય બનતો જાય છે. એવું કેમ? તહેવાર એક વ્યાવસાયિક રૂપ ધારણ કરતો જાય છે. એવું કેમ ? એ વ્યાવયાસિક રૂપ પછી ઘોંઘાટને મહત્ત્વ આપે અને પછી એમાંથી જુદા વિવાદ ઊભા થાય, એવું પાછલાં વર્ષોમાં નથી બન્યું ? ભાતીગળ વેશભૂષા સાથે પરંપરાગત રીતે ગરબા ગાળેમાં આવે એમાં આ તહેવારની ગરિમા રહેલી છે અને એમાં જ યુવાનોની શોભા રહેલી છે.

હવે, તને ન ગમે એવી એક વાત કરૂં ? નવરાત્રિમાં ગરબા રમવાનું ખરેખર કેમ જાય છે ? મિત્રોને મળવા ને ! કે પછી નવા મિત્રો બનાવવા ? તને ગરબા રમવાનો શોખ છે, તું સારા ગરબા પણ રમે છે અને કોઈ અજાણી યુવતી કે અજાણ્યો યુવક પણ સારા ગરબા રમતાં અને એ એક સામ્યને કારણે તમારા વચ્ચે મૈત્રી સ્થપાઈ એ સમજી શકાય એમ છે. આ વય જ આકર્ષણની છે. એટલે એમાં કશું ખોટું નથી. મૈત્રી પછી સારા સંબંધમાં પરિણામે એનાથી વધારે બીજું રૂડું શું? પણ એ સારો સંબંધ શારીરિક આકર્ષણ પૂરતો મર્યાદિત રહે અને આ નવરાતો પછી 'તું કોણ ને હું કોણ ?' માં પરિમણે તો તને નથી લાગતું કે એ વિશે જરા ગંભીરથાથી વિચાર કરવો જોઈએ. તહેવારને આપણે સંબંધની રમતમાં ફેરવી નાખ્યો છે અને રમત કયારેક જોખમી પણ નીવડી છે એ માટે તને સમજાવવાનું ન હોય !

ટૂંકમાં, આ ઉત્સાહ તો ઉત્સવ છે, યોવનની સ્ફૂર્તિનું પર્વ છે અને લાગણીના તાર ઝણઝણે એવી સૂરાવલિઓનો અવસર છે ત્યારે એની ગરિમા ન લજવાઈ એનું તું ધ્યાન રાખશે એટલા માટે તારી સાથે આ સંવાદ રહ્યો છે, બાકી તહેવારની શુભેચ્છાઓ તો છે જ ! તો મળી એ છીએ ગરબા ગ્રાઉન્ડ પર, આવે છે ને ?